ખેડબ્રહ્મા નગરપાલિકા તંત્ર રેઢીયાળ બન્યુ

ખેડબ્રહ્મા પાલિકા સ્વચ્છતા સામે ગંભીર નહિ હોવાની ખાત્રી કરાવતાં દ્રશ્યો સામે આવ્યાં છે : રેગ્યુલર ચીફ ઓફિસર મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે

ખેડબ્રહ્મા, તા.૨૭

શહેરમાં રખડતાં ઢોર સામે લાચારી બાદ કચરા સામે લાલીયાવાડી બહાર આવી છે. ઢોરને ઘાસચારો આપવાને બદલે કચરો ખાવા મજબૂર કરી રહી છે ખેડબ્રહ્મા પાલિકા ? એવા સવાલો ઉભા થયા છે.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં સ્વચ્છતા ફોટા પૂરતી સિમિત બનતી જાય છે. શીતલચોકના પે એન્ડ યુઝ પાછળ, આવેલ જગ્યા માં કચરાના ઢગ સ્વચ્છ ભારત અભિયાનની જાણે આબરૂ લઈ રહ્યા છે. કચરાના ઢગલા જોઈ પાલિકા સામે ત્રણ આક્ષેપ સાથે સવાલો ઉભા થયા છે. કચરામાં પ્લાસ્ટિક અને તે ગાય ખાઈ રહી હોવાની તસવીરો આવી છે.

ગાય પ્લાસ્ટિકવાળો કચરો ખાય એટલે પાલિકા રખડતા ઢોર પકડવા નિષ્ફળ, પ્લાસ્ટિક મુક્ત શહેર નથી, જાહેરમાં કચરો એટલે સ્વચ્છતા સામે નિષ્ફળતા ? આ પ્રકારના સવાલોથી પાલિકાના સ્ટાફ અને ચીફ ઓફિસરના વહીવટ સામે આશંકા વધી રહી છે.

ડીસા શાક માર્કેટમાં મરચાંની ભરપૂર આવક

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાંથી બનાસ નદી પસાર થાય છે પરંતુ ઉપરવાસમાં ડેમ બંધાતા નદી વર્ષોથી કોરિધાકોર છે પણ તાલુકો ભૂગર્ભ જળથી સમૃદ્ધ છે તેથી બોર અને નહેર દ્વારા ખેડૂતો ત્રણેય સીઝન ખેતી કરી શકે છે તેમાં પણ બટાટાની ખેતીમાં તાલુકો દેશમાં અવલ્લ છે જો કે બટાટાના ભાવ છેલ્લા પાંચ વર્ષથી મળતા નથી તેથી મહેનતકશ ખેડૂતો અન્ય પાકો વાવવા લાગ્યા છે તેમાં છેલ્લા ઘણા સમયથી બાગાયતી અને શાકભાજીનું વાવેતર વધવા પામ્યું છે ઉનાળુ સીઝનમાં આ વખતે પણ શકકર ટેટી અને તડબુચનું મોટાપાયે વાવેતર થયું છે આકાશી આફત વચ્ચે પણ તેનું મબલખ ઉત્પાદન થયું છે પણ ભાવો તળિયે પહોંચી જતા ઢોરોને ખવરાવવાનો વારો આવ્યો છે બીજી બાજુ મહિના અગાઉ મરચાના સારા ભાવ હતા પણ હાલમાં શાક માર્કેટમાં આવક વધી પડતા મરચાનો ભાવ ઘટીને ૪૦ રૂપિયા થઈ ગયો છે.

પાલનપુરના સલ્લા ગામે લગ્ન પ્રસંગમાં બે જૂથો વચ્ચે અથડામણ



પાલનપુર

પાલનપુર તાલુકાના સલ્લા ગામે શનિવારે રાત્રે પટેલ સમાજના યુવકનો વરઘોડા નીકળ્યો હતો. તે સમયે અંગત અદાવતને લઈ ઠાકોર સમાજના જૂથ અને પટેલ સમાજના જૂથ વચ્ચે પથ્થરમારો થતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. જેમાં બે વ્યક્તિઓને ઈજા થવા પામી હતી. ઘટનાને પગલે ગામમાં દોડી ગયેલી પોલીસે સ્થિતિ ઉપર કાબુ મેળવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગામમાં ભારે તંગદિલી પ્રસરી જવા પામી હતી. પાલનપુરપંથકમાં ચકચારી બનેલી ઘટનાની વિગતો એવી છે કે, પાલનપુર તાલુકાના સલ્લા ગામે શનિવારે રાત્રે પટેલ સમાજના યુવકનો વરઘોડા નીકળતા અંગત અદાવતને લઈ ઠાકોર સમાજના જૂથ અને પટેલ સમાજના જૂથ વચ્ચે બબાલ થઈ હતી. દરમિયાન વાતાવરણ તંગ બનતાં બન્ને પક્ષે પથ્થરમારો થતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. જેમાં બે વ્યક્તિઓને ઈજા થવા પામી હતી. ઘટનાને પગલે ગામમાં દોડી ગયેલી પોલીસે સ્થિતિ ઉપર કાબુ મેળવી ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગામમાં ભારે તંગદિલી પ્રસરી જવા પામી હતી.

હિંમતનગરમાં એક ઈસમને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કરતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૭

હિંમતનગરના કાંકણોલ વિસ્તારમાં રહેતા એક શખ્સને એક માસ અગાઉ પાંચ જણાણે પ્રલોભનો આપી તેની સાથે મીઠી વાતો કરી રૂ. ૭ લાખ પડાવવાની માંગણી કર્યાની ફરિયાદ રવિવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે કાંકણોલ ખાતે આવેક કેદાર ફ્લેટમાં રહેતા અમીત સંતોકસિંહ પરીહારએ નોંધાવેલી ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ એક માસ અગાઉ તેમને બ્રહ્માણીનગરમાં રહેતા કિશનલલા મોહનલાલ સોની, રઘુભાઈ દેસાઈ, અરવિંદભાઈ પ્રજાપતિ, દિપકભાઈ દવે તથા અન્ય એક મહિલાએ અમીત પાસેથી રૂપિયા પડાવવા તથા તેને બ્લેકમેલ કરવા પૂર્વ આયોજીત કાવતરૂ રચ્યું હતું. ત્યારબાદ કિશનલાલ સોની તથા મહિલાએ અમીત પાસે ગ્રાહકના રૂપમાં જઈને પરિચય કેળવ્યો હતો.

ત્યારબાદ આ મહિલાએ ફોન પર પ્રેમાલાપ કરી બિભત્સ ચેનચાળા કરી અમીત પરિહારને તેમના ઘરે બોલાવી દુષ્કર્મ કરવા મુજબૂર કર્યા હતા અને કાવતરાના ભાગરૂપે અમીત પરિહાર પાસેથી ઈજ્જતના ભવાડા ન થાય તે માટે રૂ. ૨૫ લાખની માંગણી કરી હતી. ત્યારબાદ રકઝક કરીને રૂ. ૭ લાખ આપવાનું નક્કી કરી પતાવટ કરવાનું કહ્યું અને રૂ. ૭ લાખ કઢાવવા માટે તમામ પ્રયાસ કરવામાં આવતા હતા જેથી અમીત પરિહારે મહિલા સહિત પાંચેય જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ભિલોડા વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યા સર્જાઈ : પ્રજાજનો પરેશાન

ભિલોડા,તા.૨૭

ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં અબાલ વૃધ્ધ-નાના મોટા સૌ-કોઈ પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.ગરમીનું તાપમાન એકાએક વધતાં નદી, તળાવો, જળાશયો, કુવા, રીંગ બોરમાં પાણી ઓસરતાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે.

ભિલોડામાં નવી વસવાટ વિસ્તાર, ગોવિંદનગર વિસ્તાર, ચામઠા ફળી સહિત વિવિધ વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી પીવાના પાણીની પારાયણ હોવાના કારણે મહિલાઓ અને નાના ભુલકાઓને પાણી મેળવવા દુર દુર સુધી ભટકવું પડે છે.

ભિલોડામાં વર્ષોથી એકદંરે પાણીની પારાયણ તો નથી પરંતુ અયોગ્ય આયોજનના અભાવે પાણી અમુક વિસ્તારોમાં પુરતા ફોર્સથી પ્રજાજનોને મળતું નથી. જ્યારે અમુક વિસ્તારોમાં પાણીની પારાયણ સર્જાતાં મહિલાઓને પાણી ભરવા માટે ભટકવાનો વારો આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પુરતા પ્રમાણમાં પાણી હોવા છતાં પાણીનો પ્રશ્ન હલ કરવાને બદલે અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા હોવાનું જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું.

સુર્યનારાયણનું રોદ્ર સ્વરૂપ અને આગ ઝરતી ગરમીમાં જન જીવન ખોરવાઈ રહ્યું છે. અબોલ પશુ-પંખીઓની દયનીય હાલત છે. અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર-ઠેર પાણીની સમસ્યા દિન-પ્રતિ-દિન વધતાં મહિલાઓને સિમાડા ખુંદવાનો વારો આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે. ઉનાળાના શુભારંભથી જ જીલ્લાભરમાં ઠેર-ઠેર પાણીની સમસ્યાથી પ્રજાજનો પીડાઈ રહ્યા છે. વિકાસની મોટી મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે પરંતુ પાણીની સમસ્યા હલ કરવાની યોગ્ય ન્યાયિક કાર્યવાહીનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે.

બામણવાડ ગામે વરઘોડો કાઢવા બાબતે ૬ની ધરપકડ

મોડાસાના બામણવાડ ગામે ગામમાં અનુ.જાતિ સમાજના યુવકનો ગામમાં વરઘોડો કાઢવા બાબતે તેની અંગત અદાવત રાખી તેના પિતરાઈ ભાઈ પર ગામના જ લશ્કરમાં ફરજ બજાવતા ૩ જવાનો સહીત ૬ વ્યક્તિઓ અને ૧૫ ના ટોળાએ ગડદાપાટુનો મારી મારી સ્ટિક અને લાકડી વડે હુમલો કરતા ચકચાર મચી હતી જેમાં ૧) કાળુસિંહ રણજીતસિંહ જાડેજા, ૨)નરેન્દ્રસિંહ બળવંત સિંહ જાડેજા, ૩)લક્ષ્મણસિંહ મુળસિંહ જાડેજા, ૪)કલ્યાણસિંહ રણજિત સિંહ જાડેજા, ૫) ભરતસિંહ મદનસિંહ જાડેજા, ૬) દીપકસિંહ ઉર્ફે ભુરીયો જાડેજા તથા અન્ય ૧૫ લોકોના ટોળા સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં-૩૫/૨૦૧૯ ઈ.પી.કો કલમ ૩૨૩, ૩૨૬, ૫૦૬ (૨), ૩૨૬, ૧૪૩, ૧૪૭, ૧૪૮ તથા એટ્રો સીટી એકટ કલમ ૩(૨)(૫-અ) તથા જી.પી એકટ કલમ ૧૩૫ મુજબ ફરિયાદ નોંધાઈ હતી જેની તપાસ જીલ્લા એસી. એસટી સેલના ડીવાય. એસ.પી. ગઢવીને સોંપતા નાસતા ફરતા ૬ મુખ્ય આરોપીઓ માંથી ૩ આર્મી જવાન સહીત ૬ શખ્શોને કોમ્બિંગ કરી ઝડપી પાડવામાં સફળતા મળતા જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

બામણવાડ ગામના લશ્કરમાં ફરજ બજાવતા ૧) કાળુસિંહ રણજીતસિંહ જાડેજા, ૨) નરેન્દ્રસિંહ બળવંત સિંહ જાડેજા, ૩) લક્ષ્મણસિંહ મુળસિંહ જાડેજાએ ગામના અન્ય શખ્શો ૪) કલ્યાણસિંહ રણજિતસિંહ જાડેજા, ૫) ભરતસિંહ મદનસિંહ જાડેજા, ૬) દીપકસિંહ ઉર્ફે ભુરીયો જાડેજા તથા અન્ય ૧૫ લોકોના ટોળાએ ૧૬મેના રોજ અનુ. જાતિ યુવકના ગામમાં નીકળેલા વરઘોડાની અદાવત રાખી કાળુસિંહ રણજીતસિંહ જાડેજાએ વરરાજાના પિતરાઈ ભાઈ રાકેશભાઈ વિનોદભાઈ પરમારને ફોન કરી બોલાવી તમે લોકોએ ગામમાં વરઘોડો કેમ કાઢ્યો હતો તેમ જણાવી ઉશ્કેરાઈ જઈ ગડદાપાટુનો માર મારી સ્ટમ્પ અને લાકડી વડે હુમલો કરી મારી નાખવાની ધમકી આપતા રાકેશ પરમાર ઘાતકી હુમલાથી માંડ માંડ જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. યુવકે ઘરે આવી સમગ્ર ઘટનાની જાણ પરિવારજનોને કરતા યુવકને રવિવારે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા બાદ યુવકના પરિવારજનો વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં લઈ જવાયો હતો.

આ ઘટના પછી આરોપીઓ ગામ છોડી ફરાર થઈ ગયા હતા એસી. એસટી સેલના ડીવાય. એસ.પી. ગઢવી અને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. ચાવડાની સંયુક્ત ટીમ બનાવી ગામમાં ગત રાત્રીએ કોમ્બિંગ કરી (૧) કાળુસિંહ રણજીતસિંહ જાડેજા (૨) નરેન્દ્રસીંહ બળવંતસિંહ જાડેજા (૩) લક્ષ્મણસિંહ મુળસિંહ જાડેજા (૪) કલ્યાણસિંહ રણજીતસિંહ જાડેજા (૫) ભરતસિંહ મદનસિંહ જાડેજા (૬) દિપકસિંહ ઉર્ફે ભુરીયો જેઠુસિંહ જાડેજા તમામ આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

રાતેજ પીલુદરા પાટીયા પાસેથી એલસીબીએ દારૂ ભરેલી કાર પકડી

પોલીસ જોતા જ કાર ચાલક કાર મૂકીને ભાગી ગયો : પ્રાંતિજ પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ હિંમતનગર નેશનલ હાઈવે ૮ પર વિદેશી દારૂ ભરીને અમદાવાદ તરફ જતી કાર ને હિંમતનગર એલસીબી પોલીસે ઝડપી પાડી હતી તો પ્રાંતિજ પોલીસ ઉંઘતી ઝડપાઈ.

પ્રાંતિજના પીલુદરા પાટીયા પાસે પાનમ ફેક્ટરી સામેથી પ્રસાર થયેલ સફેદ કલરની હુન્ડાઈ આઈ૨૦કે નંબર પ્લેટ વગરની કારમાં ભારતીય બનાવટની વિદેશી દારૂ ભરીને જતી હોય તેવી બાતમી હિંમતનગર એલ.સી.બીને વોચ દરમિયાન મળતા એલસીબી દ્વારા વોચ ગોઠવવામાં આવતા પીલુદરા પાટીયા પાસે થી કાર ચાલક કાર લઈને પ્રસાર થઈ રહ્યો હતો તે જ સમયે પોલીસને જોઈ જતા કાર ચાલક કાર મુકીને ભાગી ગયો હતો તો એલસીબી પોલીસ દ્વારા કારમાં તપાસ કરતા જીન માર્કા ની ઈંગ્લિશ દારૂ ભરેલી પેટી નંગ ૯ તથા છૂટક બોટલ મળી કુલ ૧૮૦ બોટલ મળી આવી જેની કિંમત ૭૨૦૦૦ તથા કારની કિંમત ૫૦૦૦૦૦ મળી કુલ ૫,૭૨,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી હિંમતનગર એલ.સી.બી વીરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ફરિયાદનાં આધારે પ્રાંતિજ પોલીસે પ્રોહીબીશનના એકટ કલમ-૬૫ એઈ૧૧૬બી૯૮ (૨) મુજબ ગુનો નોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પીએસાઈ એમ.બી. ગજ્જર દ્વારા કરવામાં આવી રહી છે.

ખંભીસર અનુ.જાતિ યુવકના વરઘોડામાં ઘર્ષણ વિવાદ

આરોપીઓના આગોતરા જામીન ના મંજૂર કરતી અરવલ્લી જિલ્લા સેસન્સ કોર્ટ

ખંભીસર વરઘોડાના ઘર્ષણમાં પથ્થરથી ઈજાગ્રસ્ત ઘોડાનું

ડિજિટલ ઈન્ડિયા અને ગતિશીલ ગુજરાતની ગુલબાંગો વચ્ચે ગુજરાતમાં અનુસૂચિત જાતિ સમાજના લોકો પર અત્યાચારોમાં નોંધપાત્ર વધારો થયો છે અનુ.જાતિ સમાજના હામી હોવાના પોકળ દાવા કરતી કેન્દ્રની અને રાજ્યની ભાજપ સરકારમાં દલિતોની હાલત દયનિય બની છે અસ્પૃશ્યતાનો અંત્યંત ઘૃણાસ્પદ કિસ્સો કહી શકાય તેવી ઘટના બહાર આવતા ચકચાર મચી છે ખંભીસર ગામમાં વરઘોડામાં રહેલો અશ્વ પણ આભડછેટ અને અસ્પૃશ્યતાના ભરડાનો ભોગ બનતા અને અશ્વનું વરઘોડામાં થયેલ ઘર્ષણમાં મોત નિપજતા માનવજાત ની અસ્પૃશ્યતા પશુને મોત સુધી ઢસડી જવાની ઘટના થી ચકચાર મચી હતી.

મોડાસા તાલુકાના ખંભીસર ગામે અનુસૂચિત જાતિ સમાજના યુવકના વરઘોડામાં જાહેરમાર્ગ પર પટેલ સમાજની મહિલાઓએ ઈરાદા પૂર્વક વરઘોડો અટકાવવા જાહેરમાર્ગ પર ભજન-કીર્તન કરી અટકાવતા અને પોલીસ રક્ષણ હોવા છતાં જાહેરમાર્ગ પરથી મહિલાઓના ટોળાને હટાવવામાં નિષ્ફળ રહેતા બંને જૂથ વચ્ચે ઘર્ષણ થયું હતું અને સામ-સામે પથ્થરમારો થતા બંને જૂથના કેટલાક લોકો અને પોલીસકર્મીઓ અને વરરાજા જે ઘોડા પર સવારી કરી રહ્યા હતા તે અશ્વના માથે અણીદાર પથ્થર વાગતા ગંભીર ઈજાગ્રસ્ત થતા ટાંકા લીધા હતા ૧૫ દિવસ ઈજાથી ઝઝૂમ્યા પછી આખરે સોમવારે દમ તોડી દેતા ઘોડાના માલિક સહીત વરરાજાના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી.

ખંભીસર વરઘોડામાં ઈજાગ્રસ્ત બનેલ અશ્વનું મોત નિપજતા મોડાસા રૂરલ પોલીસે અશ્વના મૃતદેહનું મોડાસા પશુ દવાખાને પીએમ કરાવી વરઘોડામાં ઘર્ષણ થયા પછી ઘર્ષણમાં ટોળા સામે થયેલી ફરિયાદમાં પશુવધ ની વધુ એક કલમ નો ઉમેરો કરવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખંભીસર ગામે વરઘોડો કાઢવા મામલે થયેલા ઘર્ષણને લઈને મોડાસા સેસન્સ કોર્ટે આરોપીઓના આગોતરા જામીન ના મંજૂર કર્યા છે. ખંભીસર ગામે અનુ.જાતિ સમાજ દ્વારા વરઘોડો કાઢવાને લઈને કેટલાક લોકોએ વિરોધ કર્યો હતો, અને ત્યારબાદ પરિસ્થિતિ વણસી હતી. આ સમગ્ર મામલે કેટલાક લોકો વિરૂદ્ધ એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આરોપીઓ દ્વારા આગોતરા જામીન માટે અરવલ્લી જિલ્લા સેસન્સ કોર્ટમાં અરજી કરાઈ હતી, જો કે આ સમગ્ર મામલે ૪૫ આરોપીઓના આગોતરા જામીન મોડાસા સેસન્સ કોર્ટ દ્વારા નામંજૂર કરી આરોપીઓની ધરપકડ કરવા પોલીસને શખ્ત શબ્દોમાં સૂચના આપી હતી

ખંભીસર અનુ.જાતિ યુવકના વરઘોડામાં ઘર્ષણ સર્જાયા પછી એટ્રોસોટી ની ફરિયાદ નોંધાયા બાદ આગોતરા જામીન મંજુર રદ થતા પીડિત યુવકના પિતા ડાહ્યા ભાઈ અને ફરિયાદી પક્ષના વકીલ કેવલસિંહ રાઠોડે પત્રકાર પરિષદ કરી અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સામે અને જીલ્લા પોલીસવડા મયુર પાટીલ નિષ્ક્રિય કાર્યવાહી કરતા હોવાનો આક્ષેપ કરી વરઘોડામાં ઉપસ્થિત સમાજના અગ્રણી હસમુખ સક્સેનાએ સમાજના લોકો વચ્ચે સમન્વય થાય અને સમાધાન થાય તેમાટે પ્રયત્ન કરેલ એમની સ્પીચને પોલીસે રેકોર્ડિંગ કરી આધાર બનાવી અને સાથે એક વિજય નામના યુવક બંને પીડિત હોવા છતાં ગુજરાત પોલીસ લાજવાના બદલે ગાજે છે અને આરોપી સામે કાર્યવાહી કરવાના બદલે પીડિતો સામે એમના નામ એફઆઈઆર માં દાખલ કરી આરોપીઓના બદલે પીડિતો સામે પોલીસે કાર્યવાહી કરી છે અને એની સામે પીડિત પરિવારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કોસીંગ પિટિશન માટે તૈયાર કરી બંને પીડિત લોકોના નામ એફઆઈઆર માંથી રદ કરવા અમે પ્રયત્નો કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું જિલ્લા પોલીસતંત્ર આરોપીઓને છાવરી રહી હોવાનો સીધો આક્ષેપ કર્યો હતો

અરવલ્લી જિલ્લાના ખંભીસર ગામે દલિત સમાજ દ્વારા વરઘોડો કાઢવા બાબતે ગામના કેટલાક લોકો દ્વારા વિરોધ કરાયો હતો, જેને લઈને વરપક્ષ દ્વારા પોલિસમાં જાણ કરાઈ હતી અને પોલિસ પ્રોટેકશન માંગવામાં આવ્યું હતું. ખંભીસર ગામના ડાહ્યાભાઈ પુંજાભાઈ રાઠોડના પુત્ર જયેશના લગ્ન હોવાથી પોલીસ રક્ષણ સાથે ગામમાં ડીજે સાથે વરઘોડો નીકળ્યો હતો, જેમાં જાહેરમાર્ગ પર ગામની મહિલાઓએ ભજન-કીર્તન કરી વરઘોડાના રૂટને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ પોલિસના અથાગ પ્રયાસ બાદ મોડી રાત્રે પરિસ્થિતિ વણસી હતી. એટલું જ નહીં ટોળાઓ પથ્થારમારો કર્યો હતો. આ સમગ્ર મામલે બન્ને જૂથના કેટલાક લોકો સહિત પોલિસકર્મીઓ પણ ઈજાગ્રસ્ત થયા હતા. વરઘોડો કાઢવા બાબતે થયેલા ઘર્ષણ મામલે પોલિસે ૪૫ લોકોના નામજોગ તેમજ ૧૫૦ લોકોના ટોળા સામે એટ્રોસિટીની ફરિયાદ નોંધી હતી. ત્યારે આ સમગ્ર મામલે આરોપીઓ દ્વારા આગોતરા જામીન માટે અરજી કરાઈ હતી, જોકે ફરિયાદી દ્વારા ધારદાર રજૂઆત કરતા આરોપીઓના જામીન અરવલ્લી જિલ્લા સેસન્સ કોર્ટે ના મંજૂર કર્યા છે.

પાલનપુર હાઇવે વિસ્તારની સોસાયટીમાં

ધરોઈના પાણીની પાઈપ લાઈન નાખવામાં આવતા રહીશોમાં ખુશી

પાલનપુર

પાલનપુર આબુ હાઈવે ઉપર આવેલ સોસાયટીઓમાં બોર દ્વારા પીવાનું પાણી પુરૂ પાડવામાં આવતુ હતુ.જેથી નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં ઓરવહેડ પાણીની ટાંકી અને સંપ મંજુર કરવામાં આવ્યો છે.જેથી ટાંકીનું કામ પુર થવાના આરે હોવાથી આજરોજ પાલિકાના પાણી પુરવઠા ચેરમેન ના હસ્તે પાણીની મેન પાઈપ લાઈન નાખવાની કામગીરીનું ખાર્તમર્હત કરવામાં આવ્યુ હતુ.જેથી સ્થાનિક રહીશોમાં આનંદ જાવા મળ્યો હતો.

ઉનાળાની સિજનમાં લોકોને પુરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરના મોટા ભાગના વિસ્તારોમાં પાણીની ટાંકી તેમજ સંપ બનાવવામાં આવી રહ્યા છે.જેમાં પાલનપુર આબુ હાઈવે ઉપર આવેલ ન્યુ પાલનપુર વિસ્તારમાં સાકાર,બાલજી સિટી,તિરૂપતી રાજ નગર,રાજ મહેલ સહીતની સોસાયટીઓ આવેલી છે.જેને સોસાયટીઓના બોર મારફત પાણી પુરૂ પાડવામાં આવતુ હતુ.પરંતુ લોકોને પાણી માટે તકલીફ ન પડે અને પાણીનો સંગ્રહ કરી પાણી પુરૂ પાડવામાં આવે તે માટે પાલનપુર નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં પાંચ લાખ લિટરની ટાંકી બનવવામાં આવી છે.તેમજ દસ લાખ લિટર પાણીનો સંપ પણ મંજુર કરવામાં આવ્યો છે.જે આગામી સમયમાં બનાવવામાં આવશે.પરંતુ પાણીની ટાંકીનું કામ પુરૂ થવાના આરે હોવાથી સોમવારના રોજ નગરપાલિકા પાણી પુરવઠા ચેરમેન શાંતીભાઈ પઢીયારના હસ્તે ધોરોઈના પાણીની મેન પાઈપ લાઈન નખવા માટેની કામગીર શરૂ કરવામાં આવતા તેનુ ખાતમૂર્હત કરવામાં આવ્યુ હતુ.ત્યારબાદ તમામ સોસાયટીના રહીશોને ધરોઈના પાણીની પાઈલાનું કનેક્સન આપવામાં આવશે.જેથી પાણીની પાઈપ લાઈની કામગીરી શરૂ થતા સ્થાનિક રહીશોમાં ખુશી જાવા મળી હતી.આ ખાતમૂર્હતના કાર્યક્રમમાં નગરપાલિકા પાણી પુરવઠા ચેરમેન શાંતીભાઈ પઢીયાર, તિરૂપતિ રાજનગર સોસાયટીના પ્રમુખ કિરીટભાઈ રાજગોર,બાલાજી સિટી સોસાયટીના શૈલેષભાઈ જાષી,અશ્વિનભાઈ,નગરપાલિકા પાણી પુરવઠાના ચમનભાઈ સહીત સ્થાનિક રહીશો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.